સમય-મર્યાદા:

ક્રમાંક: કપપ/૩૨૭૯/૪૯૨૯/ભાગ-૩/ન,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૫-૦૮-'૯૮.

પ્રતિ,
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ,

વિષય : રાજ્યની મેજીસ્ટેરીયલ કોર્ટોના ડોરમેન્ટ કેસોના
નિકાલ અંગે. લોક અદાલત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય સંબંધમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, તા.:૨૯-૮-'૯૮ના રોજ રાજ્યની તમામ જિલ્લાઓની કોર્ટો લોક અદાલતની કાર્યવાહી કરશે. આ લોક - અદાલતમાં રાજ્યની તમામ કોર્ટોમાં ભરાવો થયેલ ફોજદારી કેસોની સંખ્યામાં ઘટાડો કરવા અંગે સરકારશ્રી તરફથી સક્રિય વિચારણા ચાલે છે. જેથી આ લોક અદાલતની તક લઈ, કેસોનું ભારણ ઓછું થઈ શકે તે માટે સર્વે મેજીસ્ટેરીયલ કોર્ટોમાં ડોરમેન્ટ કેસોની સંખ્યા ઘણી વધતી જતી હોવાથી જે કેસોમાં ત્રણ વર્ષ થયા છતાંય પોલીસ આરોપીઓને રજૂ ન કરી શકી હોય, અને આરોપો ગંભીર પ્રકારના ન હોય તેવા કેસો, ટ્રાફીકના ભંગના કેસો, સમરી ટ્રાયલના કેસો, રૂા. ૨૦૦/-થી નીચેની સાદી ચોરીના કેસો વગેરે પ્રકારના કેસો પાછા ખેંચવા, આ વિભાગના તા.:૨-૪-'૮૧ના સરખા ક્રમાંકના પરિપત્રથી સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને સૂચના આપવામાં આવી છે, જેની નકલ સામેલ છે. જે લક્ષમાં લઈ આવા કેસોની યાદી તૈયાર કરી સંબંધિત મદદનીશ પબ્લીક પ્રોસીકયુટરને આપવી જેથી તા.:૨૯-૮-'૯૮ના રોજ મળનાર લોક અદાલતમાં રજૂ કરી આખરી નિર્ણય લઈ શકાય. તો આ બાબતમાં નિયત સમય-મર્યાદામાં જરૂરી કાર્યવાહી થાય તે અંગે ખાસ તકેદારી લેવા વિનંતી છે.

તા.: ૨-૪-'૮૧ના પરિપત્ર આધારે જે કેસો પાછા ખેંચવા કાર્યવાહી કરવાની છે તે પૈકીના નીચે જણાવ્યા મુજબના કેસો પાછા ખેંચવાની કાર્યવાહી કરવાની નથી જેની નોંધ લેવા વિનંતી.

૧) ખોરાકમાં ભેળસેળ અંગેના કેસો,
૨) આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળના કેસો,
૩) આર્થિક ગુન્હાના કેસો,
૪) નશાબંધીના કેસો કે જેમાં મુદ્દામાલની કિંમત રૂા. ૫૦૦૦/-થી વધારે હોય.

મેજીસ્ટ્રે. કોર્ટમાં કેસોનું પ્રમાણ વધારે હોઈ, આપ અંગત ધ્યાન આપી લોકઅદાલતમાં આવા કેસો મોટા પ્રમાણમાં નિકાલ થાય અને સરકારને મોટી સિધ્ધી હાંસલ થાય તે પ્રત્યે ખાસ લક્ષ આપવા વિનંતી છે. આ અંગે મેળવેલ સિધ્ધિની આંકડાકીય માહિતી તા.:૩૦-૮-'૯૮ના રોજ અચૂક મોકલી આપવી.

આપનો વિશ્વાસુ,

(આર. એલ. પરમાર)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

વિરલ:૨૭૮સ્ટે.